Subject : સામાજિક વિજ્ઞાન
Standard : ધોરણ 6
Chapter : 7
Name : _______________

# પે.સે.કુમાર શાળા રાણા વડવાળા
# તા. રાણાવાવ, જિ. પોરબંદર

Exam Time : 3 Hours
Date : 19/05/2020
Marks : 171
Roll No. : ____________

---

## SECTION - A

➽ યોગ્ય વિકલ્પ પસંદ કરી ઉત્તર આપો (Marks - 41)

1. ગુપ્તવંશનો સ્થાપક કોણ હતો?
   A. શ્રીગુપ્ત B. ચંદ્રગુપ્ત પહેલો C. સમુદ્રગુપ્ત D. ચંદ્રગુપ્ત બીજો
2. સિક્કામાં ક્યા રાજાને વીણા વગાડતો દર્શાવવામાં આવ્યો છે ?
   A. સમુદ્રગુપ્તને B. ચંદ્રગુપ્ત બીજાને C. સ્કંદગુપ્તને D. કુમારગુપ્તને
3. દિલ્લી ખાતે લોહસ્તંભનું નિર્માણ કોના સમયમાં થયું ?
   A. ચંદ્રગુપ્ત બીજાના
   B. સ્કંદગુપ્તના
   C. સમુદ્રગુપ્તના
   D. ચંદ્રગુપ્ત પહેલાના
4. કુમારગુપ્તના સમયમાં કઈ વિદ્યાપીઠની સ્થાપના થઈ હતી?
   A. વલભી B. નાલંદા C. વિક્રમશીલા D. કાશી
5. મગધ સામ્રાજ્યમાં ગુપ્તવંશની સ્થાપના કોણે કરી હતી ?
   A. ચંદ્રગુપ્ત પહેલાએ B. કુમારગુપ્તે C. સમુદ્રગુપ્ત D. શ્રીગુપ્ત
6. કઈ સાલમાં ચંદ્રગુપ્ત પહેલો પાટલિપુત્રની રાજગાદીએ બેઠો ?
   A. ઈ. સ. 330માં B. ઈ. સ. 319માં C. ઈ. સ. 335માં D. ઈ. સ. 340માં
7. ચંદ્રગુપ્ત પહેલાનાં લગ્ન કઈ રાજકન્યા સાથે થયાં હતાં ?
   A. કુમારીદેવી સાથે B. માયાદેવી સાથે C. કુમારદેવી સાથે D. રાજદેવી સાથે
8. કયા રાજાએ ગુપ્તસંવત શરૂ કર્યો હતો?
   A. નરસિંહગુપ્ત B. સમુદ્રગુપ્ત C. ચંદ્રગુપ્ત પહેલાએ D. પુરગુપ્ત
9. સમ્રાટ સમુદ્રગુપ્તની માહિતી કયા શહેરના પ્રસિદ્ધ સ્તંભ પરથી મળે છે?
   A. પ્રયાગરાજના B. દિલ્લીના C. ઉજ્જૈનના D. જુનાગઢના
10. ગુપ્ત રાજવીઓ પૈકી કયો રાજવી મહાન વિજેતા, સંસ્કારી ઉપરાંત કવિ અને સંગીતપ્રેમી હતો?
   A. કુમારગુપ્ત B. વિક્રમાદિત્ય C. સમુદ્રગુપ્ત D. સ્કંદગુપ્ત
11. ગુપ્તવંશના કયા રાજાએ કવિરાજનું બિરુદ મેળવ્યું હતું?
   A. ચંદ્રગુપ્ત બીજાએ B. સમુદ્રગુપ્ત C. ચંદ્રગુપ્ત પહેલાએ D. ભાનુગુપ્ત
12. ગુપ્ત સામ્રાજ્યની મહત્તાનો સર્જક કયો રાજા હતો?
   A. બુદ્ધગુપ્ત B. સમુદ્રગુપ્ત C. કુમારગુપ્ત D. સ્કંદગુપ્ત
13. સમુદ્રગુપ્ત પછી તેના સ્થાને ગાદી પર ક્યો રાજા આવ્યો હતો?
   A. ચંદ્રગુપ્ત પહેલો B. ચંદ્રગુપ્ત બીજો C. સ્કંદગુપ્ત D. કુમારગુપ્ત
14. ગુપ્તવંશનો સૌથી પ્રતિભાશાળી શાસક કોણ હતો ?
   A. સમુદ્રગુપ્ત B. ચંદ્રગુપ્ત પહેલો C. ચંદ્રગુપ્ત બીજો D. કુમારગુપ્ત
15. ક્યો ગુપ્ત શાસક ‘વિક્રમાદિત્ય” પણ કહેવાયો હતો?
   A. સમુદ્રગુપ્ત B. ચંદ્રગુપ્ત બીજો C. ચંદ્રગુપ્ત પ્રથમ D. શ્રીગુપ્ત
16. ચંદ્રગુપ્ત બીજાના રાજવૈદ્ય કોણ હતા ?
   A. મહર્ષિચરક B. વરાહમિહિર C. અશ્વઘોષ D. ધન્વંતરિ
17. ચંદ્રગુપ્ત બીજાએ પાટલિપુત્ર ઉપરાંત બીજી કઈ રાજધાની બનાવી હતી?
   A. તક્ષશિલા B. નાલંદા C. ઉજ્જૈન D. મેહરોલી

BHAVDIP VADHER

18. ચંદ્રગુપ્ત બીજાના અવસાન બાદ ગાદી ઉપર કોણ આવ્યું હતું ?
A. કુમારગુપ્ત પહેલો B. સ્કંદગુપ્ત C. શ્રીગુપ્ત D. રામગુપ્ત

19. અજંતાની કેટલીક ગુફાઓ કોના સમયમાં તૈયાર થઈ હતી ?
A. ચંદ્રગુપ્ત બીજાના B. કુમારગુપ્તના C. સમુદ્રગુપ્તના D. શ્રીગુપ્તના

20. ચંદ્રગુપ્ત બીજાના સમયમાં ક્યો ચીની યાત્રાળુ ભારત આવ્યો હતો?
A. યુએન શવાંગ B. ઇત્સિંગ C. ફાહિયાન D. સેલ્યુકસ

21. કયો યુગ ભારતીય સંસ્કૃતિનો ‘સુવર્ણયુગ' હતો ?
A. કુષાણયુગ B. મૌર્યયુગ C. ચોલયુગ D. ગુપ્તયુગ

22. શુન્ય અને દશાંશ પદ્ધતિની શોધ કોણે કરી હતી ?
A. બ્રહ્મગુપ્ત B. આર્યભટ્ટે C. ચરકે D. ભાસ્કરાચાર્યે

23. કયા કવિને ભારતના 'શેક્સપિયર' કહેવામાં આવે છે ?
A. કાલિદાસને B. ભવભૂતિને C. બાણને D. માઘને

24. પ્રાચીન ભારતના મહાન વૈજ્ઞાનિક કોણ હતા?
A. વરાહમિહિર B. આર્યભટ્ટ C. ભાસ્કરાચાર્ય D. બૌદ્ધાયન

25. વરાહમિહિરે કયો પ્રખ્યાત ગ્રંથ લખ્યો હતો?
A. બ્રહ્માંડસંહિતા B. ખગોળસંહિતા C. બૃહદસંહિતા D. જ્યોતિષસંહિતા

26. ગુપ્ત સામ્રાજ્યના વહીવટમાં જિલ્લાને શું કહેવામાં આવતું ?
A. ‘પત્રક' ' B. પ્રાંત' ‘ C. ગ્રામ' , D. 'વિષય'

27. ગુપ્તયુગમાં પ્રાંતના વડા તરીકે કોને મૂકવામાં આવતા?
A. સેનાપતિને B. સમ્રાટને C. રાજકુમારને D. નગરશ્રેષ્ઠીને

28. ગુપ્તયુગના વહીવટી તંત્રમાં વિદેશમંત્રીને શું કહેવામાં આવતો ?
A. ‘મહાપ્રતિહાર' B. 'મહાસંધિવિગ્રહક' C. 'મહાબલાધિકૃત' D. મહોદય

29. ગુપ્તયુગના રાજાઓ ખેતીના કુલ ઉત્પાદનનો કયો ભાગ કર તરીકે લેતા?
A. ચોથો B. પાંચમો C. છઠ્ઠો D. ત્રીજો

30. વાગ્ભટ્ટે આયુર્વેદિક ક્ષેત્રે ક્યો મહાન ગ્રંથ લખ્યો છે?
A. ‘બૃહદસંહિતા'
B. 'અષ્ટાંગહૃદયસંહિતા'
C. ‘બુદ્ધસંહિતા'
D. ‘આયુર્વેદકોષ'

31. 'દક્ષિણપથના સ્વામી'નું બિરુદ કયા રાજવીએ ધારણ કર્યું હતું?
A. હર્ષવર્ધને B. પુલકેશી બીજાએ C. સમુદ્રગુપ્ત D. કુમારગુપ્ત પહેલાએ

32. હર્ષવર્ધનના સમયમાં કયા મહાન ચીની યાત્રી ભારતમાં આવ્યા હતા?
A. ફાહિયાન B. યુઅન શવાંગ C. મૅગેસ્થનિસ D. ઇત્સિગ

33. પુલકેશી બીજાએ પોતાનો રાજદૂત મોકલી કયા દેશના શહેનશાહને મિત્ર બનાવ્યો હતો?
A. ઈરાનના B. ઇરાકના C. ગાંધારના D. જાપાનના

34. ‘કાદંબરી' ગ્રંથના કર્તા શોધો.
A. કાલિદાસ B. ભવભૂતિ C. માઘ D. બાણભટ્ટ

35. પ્રાચીન સમયમાં ગુજરાતનું ભરૂચ ક્યા નામથી ઓળખાતું હતું?
A. ભૃગુકચ્છ B. સ્થંભતીર્થ C. લાટ D. સ્તંભભરૂચ

36. નીચેનામાંથી કોનો સમાવેશ ચીની યાત્રીઓમાં થતો નથી ?
A. ફાહિયાન B. મૅગેસ્થનિસ C. યુઅન વાંગ D. ઇત્સિંગ

37. ગુપ્તયુગના મહાન સાહિત્યકારોમાં કોનો સમાવેશ થતો નથી ?
A. કવિ માઘ B. સ્કંધસ્વામી C. હરિસ્વામી D. આર્યસૂર

BHAVDIP VADHER

38. ગુપ્તકાળની પ્રયાગ-પ્રશસ્તિ કોણે રચી હતી ?
A. દંડિએ B. ભારવિએ C. રાજકવિ હરિષેણે D. કાલિદાસે
39. ગુપ્ત શાસનતંત્રમાં પ્રાંત સાથે નીચેનામાંથી કઈ બાબત જોડાયેલ નથી ?
A. પ્રાંતને ભુક્તિ કહેવામાં આવતું.
B. પ્રાંતને જનપદ કહેવામાં આવતું.
C. પ્રાંતને જિલ્લામાં વહેંચવામાં આવતો.
D. જિલ્લાને 'વિષય' કહેવામાં આવતો.
40. ગુપ્ત સમયમાં રસાયણશાસ્ત્રનો નોંધપાત્ર વિકાસ થયો હતો તેનું ઉત્તમ ઉદાહરણ કયું છે?
A. મેહરોલીનો લોહસ્તંભ
B. ગુપ્તકાલીન સિક્કાઓ
C. વરાહમિહિરનું સંશોધન
D. પ્રયાગરાજનો સ્તંભલેખ
41. હર્ષવર્ધનરચિત નાટકોમાં ક્યા નાટકનો સમાવેશ થતો નથી ?
A. રત્નાવલી B. પ્રિયદર્શિકા C. રઘુવંશ D. નાગાનંદ

**➽ ખાલી જગ્યા પૂરો** **(Marks - 27)**

42. ગુપ્તવંશની સ્થાપના .........કરી હતી.
43. ઘટોત્કચે ગુપ્તના અનુગામી .........હતા.
44. ચંદ્રગુપ્ત પહેલા પછી તેનો પુત્ર .........મગધની રાજગાદીએ બેઠો હતો.
45. સમુદ્રગુપ્તના સમયની માહિતી આપતી પ્રશસ્તિ રાજકવિ ...........રચી હતી.
46. સમુદ્રગુપ્તે દક્ષિણ ભારતના લગભગ ............ જેટલા રાજાઓને હરાવ્યા હતા.
47. સમુદ્રગુપ્તે પડાવેલા સિક્કાઓમાં તેને ........ વગાડતો દર્શાવવામાં આવ્યો છે.
48. ગુપ્ત સમયમાં ગુજરાતનું બંદર ખંભાત .........તરીકે ઓળખાતું હતું.
49. સમ્રાટ સમુદ્રગુપ્તે .......... યજ્ઞ કર્યો હતો.
50. વિક્રમાદિત્યે ગુજરાતના વિજયની યાદમાં ........ બિરુદ ધારણ કર્યું હતું.
51. સમ્રાટ ચંદ્રગુપ્ત બીજાના સમયમાં રાજ્યનો .........વેપાર ખૂબ વધ્યો હતો.
52. સમ્રાટ ચંદ્રગુપ્ત બીજાના સમયમાં ચીની યાત્રાળુ .......... ભારતની યાત્રાએ આવ્યો હતો.
53. સમ્રાટ ચંદ્રગુપ્ત બીજો .......... ધર્મી હતો.
54. અમરસિંહે ........નામનો ગ્રંથ રચ્યો હતો.
55. ભારતીય ઇતિહાસમાં ........એ યુગને સુવર્ણયુગ કહેવામાં આવે છે.
56. ચંદ્રગુપ્ત બીજાએ .........માં અનેક બૌદ્ધ મઠો બંધાવ્યા હતા.
57. ગુપ્ત સમ્રાટો .........ધર્મને રાજ્યધર્મનો દરજ્જો આપતા.
58. ગુપ્તયુગમાં દક્ષિણ ભારતમાં શૈવ સંતો .........કહેવાતા.
59. ગુપ્તયુગમાં વૈષ્ણવ સંતો ........કહેવાતા.
60. સર્વશ્રેષ્ઠ સંસ્કૃત કવિ ..........ને ભારતના શેક્સપિયર કહેવામાં આવે છે.
61. દિલ્લી પાસે આવેલા મેહરોલીના ..........ને હજી સુધી કાટ લાગ્યો નથી.
62. ..........યુગ એ મંદિર સ્થાપત્યોનો યુગ હતો.
63. ગુજરાતમાં આવેલું ........મંદિર ઈંટેરી મંદિરમાંનું એક છે.
64. પ્રાચીન ભારતના છેલ્લા મહાન સમ્રાટ .........હતા.
65. દખ્ખણમાં ..........સૌથી શક્તિશાળી રાજા હતો.
66. ભગવાન બુદ્ધની જાતક કથાઓ પરથી સમ્રાટ હર્ષવર્ધને .........નામનું નાટક લખ્યું હતું.
67. પુલકેશી બીજાએ કોંકણના મૌર્યને કરાવી ..........નું બિરુદ પ્રાપ્ત કર્યું હતું.

BHAVDIP VADHER

68. કાંજીવરમમાં કાંચીના પલ્લવોએ બંધાવેલું .........મંદિર તે સમયનું સૌથી શ્રેષ્ઠ મંદિર હતું.

**➽ નીચેના વિધાન ખરા છે કે ખોટા તે જણાવો** (Marks - 17)

69. ઈસુની ત્રીજી સદીમાં મગધમાં ગુપ્તવંશની સ્થાપના થઈ હતી.
70. ચંદ્રગુપ્ત પહેલો શ્રીગુપ્તનો અનુગામી રાજા હતો.
71. કુમારદેવી લિચ્છવી જાતિની કન્યા હતી.
72. ગુપ્તસંવતની શરૂઆત થવાથી હિંદમાં કાળગણનાની ગોઠવણી શક્ય બની છે.
73. સમ્રાટ ચંદ્રગુપ્ત બીજાને "કવિરાજ'નું બિરુદ મળ્યું હતું.
74. ગુપ્તયુગમાં ધીકતાં બંદરોના કારણે પ્રાદેશિક વેપાર ખૂબ વધ્યો હતો.
75. સ્કંદગુપ્ત ચંદ્રગુપ્ત પહેલાનો પુત્ર હતો.
76. સમ્રાટ ચંદ્રગુપ્ત બીજાનું મૂળ નામ 'દેવદત્ત' હતું.
77. ગુપ્ત સમયમાં હિન્દી ભાષાને રાજભાષાનું સ્થાન મળ્યું હતું.
78. ચંદ્રગુપ્તના રાજદરબારમાં ગ્રીક એલચી મૅગેસ્થનિસ આવ્યો હતો.
79. ગુપ્ત શાસનમાં દસ્તાવેજો સાચવવા કોટવાળની નિમણુક કરવામાં આવતી.
80. ગુપ્ત શાસનતંત્રમાં સમ્રાટ મહારાજાધિરાજ અને પરમભાગવત જેવાં બિરુદો ધરાવતા હતા.
81. ગુપ્તયુગમાં બૌદ્ધધર્મના મહાયાન અને લઘુયાન એમ બે પંથ વિકસ્યા હતા.
82. હર્ષવર્ધનના પિતાનું નામ રાજ્યવર્ધન હતું.
83. વલભીના મૈત્રક રાજા ધ્રુવસેન હર્ષવર્ધનના જમાઈ હતા.
84. પુલકેશી બીજાએ બુદ્ધની પ્રતિમાને હાથીની અંબાડી પર મુકી પૂજા કરીને સ્થાપિત કરી હતી.
85. ઈરાનના શહેનશાહ ખુશરો બીજા પુલકેશી બીજાના મિત્ર હતા.

**➽ જોડકા જોડો** (Marks - 17)

86. બંધબેસતાં જોડકાં જોડો :

| | | |
|---|---|---|
| 1. | મુખ્ય સેનાપતિ | (1) વિષય |
| 2. | જિલ્લા | (2 ) ઉત્પાદનનો છઠ્ઠો ભાગ |
| 3. | કર | ( 3) મહાબલાધિકૃત |
| 4. | વાગ્ભટ | (4) ખુશરો |
| 5. | ઈરાનના શહેનશાહ | (5) અષ્ટાંગહૃદય |

87. બંધબેસતાં જોડકાં જોડો :

| | | |
|---|---|---|
| 1. | અલાહાબાદ (પ્રયાગરાજ) | (1) ભૃગુકચ્છ |
| 2. | અયોધ્યા | ( 2 ) અણહિલવાડ પાટણ |
| 3. | ભરૂચ | (3) સ્થંભતીર્થ |
| 4. | ખંભાત | (4) પ્રયાગરાજ |

88. બંધબેસતાં જોડકાં જોડો :

| | | |
|---|---|---|
| 1. | મુખ્ય સેનાપતિ | (1) હાથીની સેનાના વડા |
| 2. | વિદેશમંત્રી | ( 2 ) મહાબલાધિકૃત |
| 3. | મહાપ્રતિહાર | (3) મહાસંધિવિગ્રહક |
| 4. | મહાપિલુપતિ | (4) ઘોડેસવાર સેનાના વડા |

BHAVDIP VADHER

89. બંધબેસતાં જોડકાં જોડો :

| | | |
|---|---|---|
| 1. | ચંદ્રગુપ્ત પહેલો | (1) 'શકારિ'નું બિરુદ |
| 2. | સમુદ્રગુપ્ત | (2) પ્રખર ગણિતશાસ્ત્રી |
| 3. | ચંદ્રગુપ્ત બીજો | (3) 'મહારાજાધિરાજ'નું બિરુદ |
| 4. | આર્યભટ્ટ | (4) મહાન વૈજ્ઞાનિક |

## SECTION - B

➽ **નીચેના પ્રશ્નોનાં એક વાક્યમાં ઉત્તર આપો** **(Marks - 43)**

90. કયા સમ્રાટના સમયમાં ગુપ્તયુગ સુવર્ણયુગ તરીકે ઓળખાયો?
91. ગુપ્તયુગનો છેલ્લો રાજા કોણ હતો?
92. હર્ષચરિતમ્'ના લેખક કોણ હતા?
93. ગુપ્ત સામ્રાજ્યની સ્થાપના કોણે કરી?
94. ચંદ્રગુપ્ત પહેલાનાં લગ્ન કોની સાથે થયાં હતાં?
95. ચંદ્રગુપ્ત પહેલાએ કયું બિરુદ ધારણ કર્યું હતું?
96. ગુપ્તસંવતની શરૂઆત કોણે કરાવી હતી?
97. ગુપ્તસંવતનો સ્વીકાર કોણે કર્યો હતો ?
98. ગુપ્તસંવત શરૂ થતાં શું શક્ય બન્યું?
99. અલાહાબાદ(પ્રયાગરાજ)ના સ્તંભલેખમાં કઈ બાબતનો ઉલ્લેખ છે?
100. દક્ષિણના રાજાઓને હરાવી સમુદ્રગુપ્તે તેમની સાથે કેવો વ્યવહાર કર્યો?
101. સમુદ્રગુપ્તના સમયની માહિતી ક્યાંથી મળે છે?
102. રાજગાદી પર આવ્યા પછી સમુદ્રગુપ્ત પોતાની કારકિર્દીની શરૂઆત કઈ રીતે કરી?
103. સમુદ્રગુપ્ત 'કવિરાજ'નું બિરુદ કેવી રીતે મેળવ્યું હતું?
104. સમુદ્રગુપ્ત સંગીતપ્રેમી હતો એમ શાથી કહી શકાય ?
105. ગુપ્ત સમ્રાટોમાં કયા સમ્રાટે અશ્વમેધ યજ્ઞ કર્યો હતો?
106. ચંદ્રગુપ્ત બીજો બીજા કયા નામથી ઓળખાય છે ?
107. શકારિ'નું બિરુદ કોણે ધારણ કર્યું હતું? કેવી રીતે?
108. ગુપ્ત સમયમાં ગુજરાતના સમુદ્રકિનારે ક્યાં બંદરો હતાં ?
109. ગુપ્તયુગ 'સુવર્ણયુગ' શાથી બન્યો હતો?
110. ગુપ્ત સમયમાં ભારતનાં મુખ્ય બંદરો કયાં હતાં?
111. કુમારગુપ્ત પહેલાને કઈ બે બાબતો માટે યાદ કરવામાં આવે છે ?
112. સ્કંદગુપ્ત કોણ હતો?
113. ગુપ્ત સામ્રાજ્યની આર્થિક સંપત્તિ શાથી ઓછી થઈ ?
114. ગુપ્ત શાસનતંત્રના કેટલા અને કયા કયા વહીવટી વિભાગો પાડવામાં આવ્યા હતા?
115. ગુપ્ત શાસનતંત્રમાં રાજ્યના દસ્તાવેજો સાચવવા શી વ્યવસ્થા હતી?
116. ગુપ્ત શાસનતંત્રના પ્રાંતમાં મુખ્ય ભૂમિકા કોણ ભજવતું?
117. ગુપ્ત શાસનતંત્રમાં ગામનો વહીવટ કોણ કરતું હતું?
118. ગુપ્ત શાસનમાં કઈ કઈ વિશિષ્ટ ખેતપદ્ધતિઓ જોવા મળે છે?
119. ગુપ્તયુગમાં કઈ કઈ વસ્તુઓની આયાત-નિકાસ થતી હતી?
120. ગુપ્ત શાસનમાં કયા કયા ધર્મોનો વિકાસ થયો હતો?
121. ગુપ્તયુગમાં કોની કોની પૂજા પ્રચલિત થઈ હતી?
122. આર્યભટ્ટે ગણિતમાં કઈ શોધ કરી હતી?

BHAVDIP VADHER

123. વરાહમિહિરનો કયો ગ્રંથ ખૂબ ખ્યાતિ પામ્યો છે?
124. ગુપ્તયુગે ધાતુવિદ્યામાં મેળવેલી સિદ્ધિનો શ્રેષ્ઠ નમૂનો કયો છે?
125. દિલ્લી પાસેના મેહરોલીના લોહસ્તંભની વિશેષતા શી છે?
126. ક્યો રાજા કાર્તિકેયનો ભક્ત હતો?
127. હર્ષવર્ધનના પિતાનું નામ શું હતું?
128. હર્ષવર્ધનની બહેન રાયશ્રીનું અપહરણ કોણે કર્યું હતું?
129. હર્ષવર્ધનના સમયમાં ધર્મપરિષદ ક્યાં યોજાઈ હતી ? એમાં શાની ગોષ્ઠી થઈ હતી?
130. હર્ષવર્ધને કયાં કયાં નાટકોની રચના કરી હતી?
131. દક્ષિણપથના સ્વામી'નું બિરુદ કોણે ધારણ કર્યું હતું? કેવી રીતે?
132. પુલકેશી બીજાના સમયમાં ભારતમાં બીજાં કયાં રાજ્યો હતાં ?

**➽ નીચેના પ્રશ્નોના સવિસ્તાર ઉત્તર આપો** **(Marks - 28)**

133. ગુપ્તયુગમાં ધાર્મિક સ્થિતિ કેવી હતી?
134. હર્ષવર્ધને કેવી પરિસ્થિતિમાં રાજયારોહણ કર્યું હતું?
135. ઐતિહાસિક કારણો આપો : સમુદ્રગુપ્ત મહાન વિજેતા હતો.
136. ઐતિહાસિક કારણો આપો : સમુદ્રગુપ્ત વિદ્યાપ્રેમી અને સંગીતપ્રેમી હતો.
137. ઐતિહાસિક કારણો આપો : ચંદ્રગુપ્ત બીજો (વિક્રમાદિત્ય) પરાક્રમી અને વિદ્યાપ્રેમી હતો.
138. ઐતિહાસિક કારણો આપો : ગુપ્ત રાજાઓ અઢળક સંપત્તિના માલિક બન્યા હતા.
139. ગુપ્તયુગને ભારતીય સંસ્કૃતિનો 'સુવર્ણયુગ' શા માટે કહેવામાં આવે છે ?
140. કારણો આપો : ગુપ્તયુગ સાંસ્કૃતિક રીતે ભારતનો સુવર્ણયુગ હતો.
141. ગુપ્તયુગની વિજ્ઞાન ક્ષેત્રની સિદ્ધિઓ શી હતી?
142. સાંસ્કૃતિક ક્ષેત્રે હર્ષવર્ધનનું પ્રદાન જણાવો.
143. ટૂંક નોંધ લખો : ગુપ્તયુગની રાજકીય સિદ્ધિઓ
144. ટૂંક નોંધ લખો : ચંદ્રગુપ્ત પહેલો
145. ટૂંક નોંધ લખો : સમ્રાટ સમુદ્રગુપ્ત
146. ટૂંક નોંધ લખો : સમ્રાટ ચંદ્રગુપ્ત બીજો (વિક્રમાદિત્ય)

## Best Of Luck

BHAVDIP VADHER

Subject : સામાજિક વિજ્ઞાન
Standard : ધોરણ 6
Chapter : 7

# ANSWERS

Exam Time : 3 Hours
Date : 19/05/2020
Marks : 171

## SECTION - A

**➽ યોગ્ય વિકલ્પ પસંદ કરી ઉત્તર આપો** (Marks - 41)

1. શ્રીગુપ્ત
2. સમુદ્રગુપ્તને
3. ચંદ્રગુપ્ત બીજાના
4. નાલંદા
5. શ્રીગુપ્ત
6. ઈ. સ. 319માં
7. કુમારદેવી સાથે
8. ચંદ્રગુપ્ત પહેલાએ
9. પ્રયાગરાજના
10. સમુદ્રગુપ્ત
11. સમુદ્રગુપ્ત
12. સમુદ્રગુપ્ત
13. ચંદ્રગુપ્ત બીજો
14. ચંદ્રગુપ્ત બીજો
15. ચંદ્રગુપ્ત બીજો
16. ધન્વંતરિ
17. ઉજ્જૈન
18. કુમારગુપ્ત પહેલો
19. કુમારગુપ્તના
20. ફાહિયાન
21. ગુપ્તયુગ
22. આર્યભટ્ટ
23. કાલિદાસને
24. વરાહમિહિર
25. બૃહદસંહિતા
26. 'વિષય'
27. રાજકુમારને
28. 'મહાસંધિવિગ્રહક'
29. છઠ્ઠો
30. 'અષ્ટાંગહૃદયસંહિતા'
31. પુલકેશી બીજાએ
32. યુઅન શવાંગ
33. ઈરાનના

BHAVDIP VADHER

34. બાણભટ્ટ
35. ભૃગુકચ્છ
36. મૅગેસ્થનિસ
37. કવિ માઘ
38. રાજકવિ હરિષેણે
39. પ્રાંતને જનપદ કહેવામાં આવતું.
40. મેહરોલીનો લોહસ્તંભ
41. રઘુવંશ

**➽ ખાલી જગ્યા પૂરો** (Marks - 27)

42. શ્રીગુપ્ત
43. ચંદ્રગુપ્ત પ્રથમ
44. સમુદ્રગુપ્ત
45. હરિપેણે
46. 12
47. વીણા
48. સ્થંભતીર્થ
49. અશ્વમેધ
50. શકારિ
51. દરિયાઈ
52. ફાહિયાન
53. વૈષ્ણવ
54. અમરકોષ
55. ગુપ્ત
56. પાટલિપુત્ર
57. વૈષ્ણવ
58. નાયનાર
59. આલ્વાર
60. કાલિદાસ
61. લોહસ્તંભ
62. ગુપ્ત
63. ગોપ, નચના કોઠારનું પાર્વતી
64. હર્ષવર્ધન
65. પુલકેશી બીજો
66. નાગાનંદ
67. દક્ષિણ -પથના સ્વામી'
68. કૈલાશનાથ

**➽ નીચેના વિધાન ખરા છે કે ખોટા તે જણાવો** (Marks - 17)

69. ખરું (True)
70. ખોટું (False)


BHAVDIP VADHER

71. ખરું (True)
72. ખરું (True)
73. ખોટું (False)
74. ખોટું (False)
75. ખોટું (False)
76. ખોટું (False)
77. ખોટું (False)
78. ખોટું (False)
79. ખોટું (False)
80. ખરું (True)
81. ખોટું (False)
82. ખોટું (False)
83. ખરું (True)
84. ખોટું (False)
85. ખરું (True)

**➽ જોડકા જોડો** **(Marks - 17)**

86. (1 – 3), (2 - 1), (3 - 2), (4 - 5), (5 - 4)
87. (1 -4), (2 - 5), (3 -1), (4 - 3).
88. (1 -2), (2 - 3), (3-5), (4 - 1)
89. (1 - 3), (2 - 5), (3-1), (4 -2).

## SECTION - B

**➽ નીચેના પ્રશ્નોનાં એક વાક્યમાં ઉત્તર આપો** **(Marks - 43)**

90. ચંદ્રગુપ્ત બીજાના સમયમાં ગુપ્તયુગ સુવર્ણયુગ તરીકે ઓળખાયો.
91. ગુપ્તયુગનો છેલ્લો રાજા સ્કંદગુપ્ત હતો.
92. હર્ષચરિતમ્'ના લેખક હર્ષવર્ધનના મહાન કવિ બાણભટ્ટ હતા.
93. ગુપ્ત સામ્રાજ્યની સ્થાપના શ્રીગુપ્તે કરી.
94. ચંદ્રગુપ્ત પહેલાનાં લગ્ન લિચ્છવી જાતિની રાજકન્યા કુમારદેવી સાથે થયાં હતાં.
95. ચંદ્રગુપ્ત પહેલાએ 'મહારાજાધિરાજ'નું બિરુદ ધારણ કર્યું હતું.
96. ગુપ્તસંવતની શરૂઆત ચંદ્રગુપ્ત પહેલાએ કરાવી હતી.
97. સૌરાષ્ટ્રના વલભી રાજ્યના શાસકોએ ગુપ્તસંવતનો સ્વીકાર કર્યો હતો.
98. ગુપ્તસંવત શરૂ થતાં ભારતના ઇતિહાસમાં કાળગણના અને કાળક્રમ અનુસાર ઐતિહાસિક બનાવોની ગોઠવણી શક્ય બની.
99. અલાહાબાદ(પ્રયાગરાજ)ના સ્તંભલેખ (પ્રયાગ-પ્રશસ્તિ) - માં સમુદ્રગુપ્તના દિગ્વિજયો અને તેની સાંસ્કૃતિક સિદ્ધિઓનો ઉલ્લેખ છે.
100. દક્ષિણના બાર જેટલા રાજાઓને હરાવી સમુદ્રગુપ્તે તેમને ખાલસા કરવાને બદલે ખંડિયા રાજા તરીકે પુનઃ સ્થાપિત કર્યા.
101. સમુદ્રગુપ્તના સમયની માહિતી અલાહાબાદ (પ્રયાગરાજ) શહેરના પ્રસિદ્ધ સ્તંભલેખ પરથી અને તેના સિક્કાઓમાંથી મળે છે.
102. રાજગાદી પર આવ્યા પછી સમુદ્રગુપ્ત પોતાની કારકિર્દીની શરૂઆત અનેક ઝડપી વિજયો મેળવીને કરી.
103. અનેક કાવ્યોની રચના કરીને સમુદ્રગુપ્તે 'કવિરાજ'નું બિરુદ મેળવ્યું હતું.
104. સમુદ્રગુપ્તને તેના સિક્કાઓ ઉપર વીણા વગાડતો દર્શાવવામાં આવ્યો છે. આ પરથી કહી શકાય કે સમુદ્રગુપ્ત સંગીતપ્રેમી હતો.

BHAVDIP VADHER

105. ગુપ્ત સમ્રાટોમાં સમ્રાટ સમુદ્રગુપ્તે અશ્વમેધ યજ્ઞ કર્યો હતો.

106. ચંદ્રગુપ્ત બીજો વિક્રમાદિત્ય'ના નામથી ઓળખાય છે.

107. સમ્રાટ ચંદ્રગુપ્ત બીજાએ 'શકારિ'નું બિરુદ ધારણ કર્યું હતું. સમ્રાટ ચંદ્રગુપ્ત બીજાએ તેના રાજ્યની સરહદે આવેલા શકક્ષત્રપ વંશના રાજ્ય ઉપર વિજય મેળવ્યો હતો. એ વિજયની યાદમાં તેણે 'શકારિ'નું બિરુદ ધારણ કર્યું હતું.

108. ગુપ્ત સમયમાં ગુજરાતના સમુદ્રકિનારે ભૃગુકચ્છ (ભરૂચ) અને સ્થંભતીર્થ (ખંભાત) આ બે બંદરો હતાં.

109. સમ્રાટ ચંદ્રગુપ્ત બીજાના શાસનકાળ દરમિયાન મેળવેલી સાંસ્કૃતિક સિદ્ધિઓને કારણે ગુપ્તયુગ 'સુવર્ણયુગ' બન્યો હતો.

110. ગુપ્ત સમયમાં ભારતના પશ્ચિમ કિનારે ખંભાત, ભરૂચ (ભૃગુકચ્છ), સોપારા અને કલ્યાણ તથા પૂર્વ કિનારે તામ્રલિપ્તિ (બંગાળ) મુખ્ય બંદરો હતાં.

111. કુમારગુપ્ત પહેલાને આ બે બાબતો માટે યાદ કરવામાં આવે છે : પ્રસિદ્ધ નાલંદા વિદ્યાપીઠની સ્થાપના અને અજંતાની કેટલીક ગુફાઓનું નિર્માણ.

112. સ્કંદગુપ્ત ગુપ્તવંશના શાસક કુમારગુપ્ત પહેલાનો પુત્ર હતો. તે ગુપ્તયુગનો છેલ્લો મહાન રાજા હતો.

113. ગુપ્તવંશના શાસક સ્કંદગુપ્ત અને હુણો વચ્ચેની લડાઈમાં પુષ્કળ દ્રવ્ય વપરાઈ ગયું. આથી ગુપ્ત સામ્રાજ્યની આર્થિક સંપત્તિ ઓછી થઈ.

114. ગુપ્ત શાસનતંત્રના ત્રણ વહીવટી વિભાગો પાડવામાં આવ્યા હતા : (1) કેન્દ્રીય, ( 2 ) પ્રાંતીય અને (3) સ્થાનિક.

115. ગુપ્ત શાસનતંત્રમાં રાજ્યના દસ્તાવેજો સાચવવા માટે પુસ્તપાલની નિમણૂક કરવામાં આવી હતી.

116. ગુપ્ત શાસનતંત્રના પ્રાંતમાં કુમારામાત્ય અને આયુક્ત મુખ્ય ભૂમિકા ભજવતા હતા.

117. ગુપ્ત શાસનતંત્રમાં ગામનો વહીવટ ગામના વડીલો,ગામના મુખી અને વયસ્ક ગ્રામજનોના પ્રતિનિધિઓની બનેલી સમિતિ કરતી હતી.

118. ગુપ્ત શાસનમાં વાર્ષિક, ત્રિ-વાર્ષિક અને પંચવાર્ષિક આ ત્રણ વિશિષ્ટ ખેતપદ્ધતિઓ જોવા મળે છે.

119. ગુપ્તયુગમાં સુતરાઉ કાપડ, રેશમી કાપડ, મસાલા, તેજાના, ઇમારતી લાકડાં વગેરેની નિકાસ થતી હતી; જ્યારે સોનું,ચાંદી અને અન્ય ચીજોની આયાત થતી હતી.

120. ગુપ્ત શાસનમાં વૈષ્ણવધર્મને રાજ્યધર્મનો દરજ્જો આપવામાં આવ્યો હતો. આ ઉપરાંત શૈવધર્મ, બૌદ્ધધર્મ અને જૈનધર્મનો વિકાસ થયો હતો.

121. ગુપ્તયુગમાં મહિષાસુર મર્દિની (દુર્ગા), સૂર્ય અને કાર્તિકેયની પૂજા પ્રચલિત થઈ હતી.

122. આર્યભટ્ટે ગણિતમાં દશાંશ પદ્ધતિ અને શૂન્યની શોધ કરી હતી.

123. વરાહમિહિરનો 'બૃહત્સંહિતા' નામનો ગ્રંથ ખૂબ ખ્યાતિ પામ્યો છે.

124. દિલ્લી પાસેનો મેહરોલીનો લોહસ્તંભ ગુપ્તયુગે ધાતુવિદ્યામાં મેળવેલી સિદ્ધિનો શ્રેષ્ઠ નમૂનો છે.

125. દિલ્લી પાસેના મેહરોલીના લોહસ્તંભની વિશેષતા એ છે કે, 1600 વર્ષ થયાં હોવા છતાં તેને કાટ લાગ્યો નથી.

126. કુમારગુપ્ત પહેલો કાર્તિકેયનો ભક્ત હતો.

127. હર્ષવર્ધનના પિતાનું નામ પ્રભાકરવર્ધન હતું..

128. હર્ષવર્ધનની બહેન રાજ્યશ્રીનું અપહરણ ગૌડ રાજવી શશાંક અને માલવરાજે કર્યું હતું

129. હર્ષવર્ધનના સમયમાં કનોજમાં યુઅન શવાંગના અધ્યક્ષપદે ધર્મપરિષદ યોજાઈ હતી. એમાં મહાયાન અને હીનયાન સંપ્રદાયો વિશે ગોષ્ઠી થઈ હતી

130. હર્ષવર્ધને 'પ્રિયદર્શિકા' 'રત્નાવલી' અને 'નાગાનંદ' નામનાં નાટકોની રચના કરી હતી.

131. પુલકેશી બીજાએ 'દક્ષિણપથના સ્વામી'નું બિરુદ ધારણ કર્યું હતું. તેણે દક્ષિણ ભારતના કદંબો, માહેશ્વરના ગંગો અને કોંકણના મૌર્યને પરાજિત કરી આ બિરુદ ધારણ કર્યું હતું.

132. પુલકેશી બીજાના સમયમાં ભારતમાં કાંચીમાં પલ્લવોનું, રાજસ્થાનમાં ગુર્જર પ્રતિહારોનું, વલભીમાં મૈત્રકોનું, દક્ષિણ ગુજરાતમાં ગુર્જરોનું અને કશ્મીરમાં કર્કોટકોનું રાજ્ય હતું.

**➽ નીચેના પ્રશ્નોના સવિસ્તાર ઉત્તર આપો** **(Marks - 28)**

BHAVDIP VADHER

133. ગુપ્તયુગમાં હિંદુધર્મ અને સંસ્કૃતિ પૂર્ણ કળાએ ખીલ્યાં હતાં, રામાયણ, મહાભારત અને પુરાણોનું પુનઃસંકલન થયું હતું.શ્રીમદ્ ભગવદગીતા ખૂબ મહત્ત્વનો ગ્રંથ બન્યો હતો. વર્ણવ્યધર્મ રાજ્યધર્મ હતો, પરંતુ જૈનધર્મ અને બૌદ્ધધર્મનો પણ વિકાસ થયો હતો. આ સમયે બૌદ્ધધર્મના મહાયોન અને હીનયાન એ બે પંથ વિકસ્યા હતા. આમ, ગુપ્તયુગની ધાર્મિક સ્થિતિ પ્રશંસનીય હતી.

134. હર્ષવર્ધનના પિતા પ્રભાકરવર્ધનનું રાજ્ય થાણેશ્વર હતું. બહેન રાજ્યશ્રી કનોજના રાજા ધ્રુવવમનિ પરણી હતી. ગૌડ રાજવી શશાંક અને માધવરાજે રાજ્યશ્રીનું અપહરણ કર્યું. હર્ષવર્ધનના મોટા ભાઈ રાજ્યવર્ધન બહેન રાજ્યશ્રીને બચાવવા જતાં યુદ્ધમાં વીરગતિ પામ્યા હતા. એક બાજુ બહેનને બચાવવાની હતી અને બીજી બાજુ પિતા અને ભાઈના અવસાન પછી રાજ્યગાદી સંભાળવાની હતી. આવી કટોકટીભરી પરિસ્થિતિમાં હર્ષવર્ધને રાજ્યારોહણ કર્યું હતું.

135. સમુદ્રગુપ્ત ખૂબ જ ઓછા સમયમાં ઝડપી વિજયો કરીને ઉત્તર ભારતનાં મોટા ભાગનાં રાજ્યોથી માંડીને છેક અફઘાનિસ્તાનના કુષાણ શાસનતંત્ર સુધી પોતાની એકચક્રી સત્તા સ્થાપી હતી. આ ઉપરાંત, તેણે દક્ષિણ ભારતના લગભગ 12 રાજ્યો જીત્યાં હતાં. આ ઉપરથી કહી શકાય કે, સમુદ્રગુપ્ત મહાન વિજેતા હતા.

136. સમુદ્રગુપ્ત અનેક વિદ્વાનોને આશ્રય આપી ઉચ્ચ કોટિના સાહિત્યનું સર્જન કરાવ્યું હતું. તે હંમેશાં વિદ્વાનોની અને વિદ્વાનો તેની મિત્રતા ઇચ્છતા હતા. તેણે અનેક કાવ્યોની રચના કરીને ‘કવિરાજ'નું બિરુદ મેળવ્યું હતું. આ ઉપરથી કહી શકાય કે તે વિદ્યાપ્રેમી હતો, સમુદ્રગુપ્તને તેના સિક્કાઓ ઉપર વીણા વગાડતો દર્શાવવામાં આવ્યો છે. આ ઉપરથી કહી શકાય કે તે સંગીતપ્રેમી હતો.

137. ચંદ્રગુપ્ત બીજાએ મહાન વિજયો મેળવ્યા હતા. તેણે પશ્ચિમ ભારતના શકોને હરાવી ‘શકારિ’નું બિરુદ ધારણ કર્યું હતું. એ ઉપરથી સ્પષ્ટ થાય છે કે તે પરાક્રમી રાજા હતો. સંસ્કૃત ભાષાના મહાકવિ કાલિદાસ, વૈજ્ઞાનિક વરાહમિહિર, રાજવૈદ્ય ધન્વતરિ, વૈતાલ ભટ્ટ, અમરસિંહ વગેરે પ્રસિદ્ધ વિદ્વાનો તેના રાજદરબારને શોભાવતા હતા. તે વિદ્વાનો અને કવિઓનો આશ્રયદાતા હતો. તે ઉપરથી કહી શકાય કે, તે વિદ્યાપ્રેમી હતો.

138. ગુપ્ત શાસનમાં ભારતમાં શાસનની સ્થિરતા હતી.દરિયાકિનારે ધીકતાં બંદરોનો વિકાસ થયો હતો. પરિણામે વિશ્વના દેશો સાથે દરિયાઈ વેપાર ખૂબ વધ્યો હતો. દેશમાં સાહસિક વેપારીઓને કારણે રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય વેપારમાં સારી એવી કમાણી થતી હતી. દેશમાં ખેતીના પુષ્કળ પ્રમાણમાં પાક થતા હતા. આ બધી જ બાબતોના કારણે ગુપ્ત શાસનમાં રાજ્યનો ખજાનો ભરાયેલો રહેતો હતો. પરિણામે ગુપ્ત રાજાઓ અઢળક સંપત્તિના માલિક બન્યા હતા.

139. ગુપ્તયુગમાં રાજકીય એકતા, શાંતિ અને સલામતી સ્થપાઈ હતી. વેપાર અને ઉદ્યોગોનો ખૂબ વિકાસ થયો હતો. લોકો સુખી અને સમૃદ્ધ હતા. આ યુગમાં સંસ્કૃત સાહિત્યના સમર્થ સાહિત્યકારો તેમજ વૈજ્ઞાનિકો અને ગણિતશાસ્ત્રીઓ થયાં હતા. લલિતકલાના ક્ષેત્રે અભૂતપૂર્વ વિકાસ થયો હતો. અનેક વૈજ્ઞાનિક શોધો યુગમાં થઈ હતી. ભારતમાં આ સમયે મંદિર સ્થાપત્યોની શરૂઆત થઈ હતી. આમ, ગુપ્તયુગમાં દરેક ક્ષેત્રે અસાધારણ વિકાસ થયો હતો. તેથી એ યુગને ભારતીય સંસ્કૃતિનો 'સુવર્ણયુગ' કહેવામાં આવે છે.

140. ગુપ્તયુગમાં રાજકીય એકતા, શાંતિ અને સલામતી સ્થપાઈ હતી. વેપાર અને ઉદ્યોગોનો ખૂબ વિકાસ થયો હતો. લોકો સુખી અને સમૃદ્ધ હતા. આ યુગમાં સંસ્કૃત સાહિત્યના સમર્થ સાહિત્યકારો તેમજ વૈજ્ઞાનિકો અને ગણિતશાસ્ત્રીઓ થયાં હતા. લલિતકલાના ક્ષેત્રે અભૂતપૂર્વ વિકાસ થયો હતો. અનેક વૈજ્ઞાનિક શોધો યુગમાં થઈ હતી. ભારતમાં આ સમયે મંદિર સ્થાપત્યોની શરૂઆત થઈ હતી. આમ, ગુપ્તયુગમાં દરેક ક્ષેત્રે અસાધારણ વિકાસ થયો હતો. તેથી એ યુગને ભારતીય સંસ્કૃતિનો 'સુવર્ણયુગ' કહેવામાં આવે છે.

141. ગુપ્તયુગ દરમિયાન મહાન વૈજ્ઞાનિકો અને ગણિતશાસ્ત્રીઓ થઈ ગયા. આર્યભટ્ટ નામના ગણિતશાસ્ત્રીએ દશાંશ પદ્ધતિ અને શૂન્યની ક્રાંતિકારી શોધ કરી હતી. મહાન વૈજ્ઞાનિક વરાહમિહિરે ‘બૃહત્સંહિતા' નામનો ખગોળશાસ્ત્રનો પ્રખ્યાત ગ્રંથ લખ્યો હતો. વાભટ્ટ નામના વૈદકશાસ્ત્રીએ આયુર્વેદિક ક્ષેત્રે 'અષ્ટાંગહૃદયસંહિતા' નામનો ગ્રંથ લખ્યો હતો. દિલ્લી પાસે સમ્રાટ ચંદ્રગુપ્ત બીજાએ ઊભો કરાવેલો મેહરોલીનો લોહસ્તંભ ગુપ્તયુગની રસાયણશાસ્ત્રની ધાતુવિદ્યાની અજોડ સિદ્ધિનો નમૂનો છે. અનેક વર્ષ થયા હોવા છતાં તેને કાટ લાગ્યો નથી.

142. સાંસ્કૃતિક ક્ષેત્રે હર્ષવર્ધનનું પ્રદાન મહત્ત્વપૂર્ણ હતું. તેણે રાજ્યમાં બધા જ ધર્મોના વિકાસ માટે સ્વતંત્ર વાતાવરણ ઊભું કર્યું હતું. હર્ષવર્ધન સાહિત્ય, કલા અને વિદ્યા પ્રત્યે અનુરાગ રાખતો હતો. તેના સમયમાં નોજમાં યુએન શ્વાંગના અધ્યક્ષપદે ધર્મપરિષદ યોજવામાં આવી હતી. હર્ષના સમયમાં સંસ્કૃત ભાષામાં અનેક ગ્રંથો લખાયા હતા. તે કવિઓનું સમ્માન કરતો હતો. બાણભટ્ટ, કવિ જયસેન અને મયુર ભટ્ટ હર્ષવર્ધનના સમયના ઉચ્ચ કોટિના સાહિત્યકારો હતા. હર્ષવર્ધનના સમયમાં આવેલ ચીની યાત્રી યુઅન વાંગે હર્ષના સાંસ્કૃતિક પ્રદાનની પ્રશંસા કરી છે. હર્ષ પોતે પણ ઉચ્ચ કોટિનો સાહિત્યકાર હતો.

143. ગુપ્તયુગની મુખ્ય રાજકીય સિદ્ધિઓ : (1) સમગ્ર ભારતમાં મગધનું એકચક્રી શાસન સ્થપાયું હતું. ( 2 ) દક્ષિણ ભારતનાં રાજ્યો પર ગુપ્તયુગના શાસકોની સત્તા સ્થપાઈ હતી. (3) ગુપ્તયુગના શાસકોએ દેશમાં શાંતિ, સલામતી અને વ્યવસ્થા માટે શાસનતંત્રની શ્રેષ્ઠ પ્રણાલિકાઓ વિકસાવી હતી. (4) રાજ્યવહીવટમાં સમ્રાટો કેન્દ્રસ્થાને હતા. દેશના વહીવટની સરળતા માટે શાસનતંત્રને વિવિધ ખાતાંમાં વહેંચવામાં આવ્યું હતું. દરેક ખાતા માટે સ્વતંત્ર મંત્રી અને અધિકારીઓ નીમવામાં આવ્યા હતા. (5) નગરો અને રાજધાની પાટલિપુત્રમાં મ્યુનિસિપાલિટી જેવી વ્યવસ્થા હતી. (6) રાજ્યમાં આર્થિક સધ્ધરતા ખૂબ સારી હતી. (7) રાજ્યમાં રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય વેપાર અને સંબંધોનો વિકાસ થયો હતો.

144. ઈ. સ. 319માં ચંદ્રગુપ્ત પહેલો મગધ સામ્રાજ્યની રાજધાની પાટલિપત્રની રાજગાદીએ બેઠો. તેણે વૈશાલી ગણરાજ્યની લિચ્છવી જાતિની રાજકન્યા કુમારદેવી સાથે લગ્ન કર્યા હતાં. તેણે લિચ્છવીઓની મદદથી મગધ રાજ્યનો વિસ્તાર કર્યો હતો. ચંદ્રગુપ્ત પહેલાએ મગધ પાસેના પ્રયાગરાજ (અલાહાબાદ) અને સાકેત (અયોધ્યા) જીતી લઈ, મગધનો વિસ્તાર કર્યો હતો. તેણે 'મહારાજાધિરાજ'નું બિરુદ ધારણ કર્યું હતું. તેણે પોતાની સત્તા છે અને પ્રતિષ્ઠા દર્શાવવા સોનાના સિક્કા બહાર પડાવ્યા હતા. તેનો તું રાજ્યાભિષેક થયો ત્યારથી તેણે 'ગુપ્તસંવત' શરૂ કરાવ્યો હતો.

145. સમુદ્રગુપ્ત ચંદ્રગુપ્ત પહેલાનો પુત્ર હતો. તેના સમયની માહિતી અલાહાબાદના પ્રસિદ્ધ સ્તંભલેખ (પ્રયાગ-પ્રશસ્તિ) પરથી મળે છે. ગાદી પર આવ્યા પછી. સમુદ્રગુપ્ત ઝડપી વિજયોની પરંપરાથી પોતાની કારકિર્દી શરૂ કરી હતી. તેણે ખૂબ ઓછા સમયમાં ઉત્તર ભારતનાં મોટા ભાગનાં રાજ્યોથી માંડીને અફઘાનિસ્તાનના કુષાણ શાસનતંત્ર સુધી સત્તા જમાવી હતી. તેણે દક્ષિણ ભારતના 12 જેટલા રાજાઓને હરાવીને તેમને ખંડિયા રાજાઓ બનાવ્યા હતા. તેણે રાજ્યવહીવટ માટે રાજ્યપાલો અને અધિકારીઓની નિમણૂક કરી હતી. સમુદ્રગુપ્ત મહાન વિજેતા અને સંસ્કારી સમ્રાટ હતો. તેની સાહિત્યિક સિદ્ધિઓ અને ચારિત્ર્ય નોંધપાત્ર હતાં. અનેક કાવ્યો રચીને તેણે 'કવિરાજ'નું બિરુદ મેળવ્યું હતું. પોતાના વિજયોની યાદગીરીમાં તેણે 'અશ્વમેધ' યજ્ઞ કર્યો હતો. એ પ્રસંગની યાદમાં તેણે સોનાના સિક્કા પડાવ્યા હતા. એ સિક્કાઓમાં તેને વીણા વગાડતો દર્શાવ્યો છે. તે તેનો સંગીતપ્રેમ દર્શાવે છે. સમ્રાટ સમુદ્રગુપ્ત વિદ્વાનોને રાજ્યાશ્રય આપી તેમની પાસે ઉચ્ચ કોટિની રચનાઓ કરાવી હતી. તેણે હિંદુ ધર્મને ઉત્તેજન આપ્યું હતું. તેણે સામાજિક રીતરિવાજોને સ્વીકાર્યા હતા. આમ, પ્રાચીન ભારતના ઇતિહાસમાં સમ્રાટ સમુદ્રગુપ્તનું સ્થાન વિશિષ્ટ અને નોંધપાત્ર છે. તે ગુપ્ત સામ્રાજ્યની સાચી મહત્તાનો સર્જક હતો. તે, ખરેખર,એક મહાન રાજા હતો.

146. સમ્રાટ સમુદ્રગુપ્તના અવસાન પછી ચંદ્રગુપ્ત બીજો મગધની રાજગાદી પર બેઠો. તેણે વિજયો મેળવીને વારસામાં મળેલા વિશાળ સામ્રાજ્યનો વિસ્તાર કર્યો. તેણે મગધની સરહદે આવેલા શક ક્ષત્રપ રાજ્ય પર વિજય મેળવી શકારિ'નું બિરુદ ધારણ કર્યું હતું. સમ્રાટ ચંદ્રગુપ્ત બીજો 'વિક્રમાદિત્ય' પણ કહેવાયો.' તેણે 'વિક્રમસંવત' શરૂ કર્યો હતો. તેણે શક-ક્ષત્રપોના શક્તિશાળી રાજ્યો સાથે લગ્નસંબંધો બાંધી તેમની સહાયથી પોતાનું સૈન્યબળ વધાર્યું હતું. શક રાજ્ય પર સત્તા મળતાં ગુજરાતના સમુદ્રકિનારે આવેલા ભરૂચ અને ખંભાત બંદરો તેના તાબામાં આવ્યાં. પરિણામે વિદેશ વ્યાપાર કરીને ગુપ્ત રાજાઓએ પુષ્કળ ધન મેળવ્યું. ચંદ્રગુપ્ત બીજાના સમયમાં આવેલા ચીની યાત્રાળુ ફાહિયાને ગુપ્ત રાજ્યવહીવટ અને સમૃદ્ધિનાં વખાણ કર્યા છે. ચંદ્રગુપ્ત બીજો વણવધર્મી હતો, છતાં તે અન્ય ધમાં પ્રત્યે સહિષ્ણુ હતો. તેણે મગધની રાજધાની પાટલિપુત્રમાં અનેક બૌદ્ધ મઠો બંધાવ્યા હતા. સમ્રાટ ચંદ્રગુપ્ત બીજાએ અનેક સાંસ્કૃતિક સિદ્ધિઓ મેળવી હતી. તેથી તેનો શાસનકાળ ગુપ્તયુગનો 'સુવર્ણયુગ" કહેવાયો. ચંદ્રગુપ્ત બીજાએ અનેક કવિઓ અને વિદ્વાનોને રાજ્યાશ્રય આપ્યો હતો. તેનો દરબાર સંસ્કૃત ભાષાના મહાકવિ કાલિદાસ, વૈજ્ઞાનિક વરાહમિહિર, રાજવેદ્ય ધન્વતરિ, વૈતાલ ભટ્ટ, અમરકોષના રચયિતા અમરસિંહ જેવાં નવ રત્નોથી શોભતો હતો. તેણે ઉજ્જૈનને મગધ સામ્રાજ્યની બીજા રાજધાની બનાવી હતી. ચંદ્રગુપ્ત બીજો મંત્રીઓની સલાહ અને મદદથી રાજ્યવહીવટ કરતો. તેણે વહીવટની સરળતા માટે સામ્રાજ્યને જુદા જુદા એકમોમાં વહેંચ્યું હતું. ઈ. સ. 414ના અરસામાં મહાન સમ્રાટ ચંદ્રગુપ્ત બીજાનું અવસાન થયું. તેનો શાસનકાળ ભારતના ઇતિહાસમાં અનેક આ રીતે પ્રસિદ્ધ બન્યો હતો.

BHAVDIP VADHER